# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨૪ • તા. ૨૪ નવેમ્બર થી ૩૦ નવેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.




# હલો નલિયા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન આયોજીત

જ્ઞાતિનું ચતુર્થ સંમેલન

યજમાન :
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,
નલિયા

**તારીખ :**

**૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર ૨૦૧૮**

**સ્થળ :**

**શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર,
નલિયા, અબડાસા, કચ્છ.**

## ચતુર્થ સંમેલનની તડામાર તૈયારીઓ

Youth Fest NALIYA

નારી શક્તિ 2018 નલિયા



| યુથ ફેસ્ટ | જ્ઞાતિ સંમેલન | નારી શક્તિ |
|---|---|---|
| Youth Fest | Gyati Sammelan | Nari Shakti |

જે ઝટ સમજી જાય છે, છતાં ઘણીવાર સુધી
સામેવાળાનું બોલેલું ધીરજથી સાંભળે છે
અને જે પારકાના કામમાં દખલ કરતો નથી
તેમજ ખાલી વાણી વેડફાટ કરતો નથી
તે વિદ્વાન છે.



- વિદુરનીતિ



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# હલો નલિયાનો નારો સર્વત્ર પ્રસરાવીએ

બસ એક જ માસ બાકી રહ્યો છે. આજની તારીખે એક મહિના બાદ આપણે સૌ સાથે સંમેલનના શમિયાણામાં બેઠા હોઈશું, સક્રિય પણે સંમેલનમાં સહભાગી હોઈશું.

વર્ષો પછી આવો અવસર જોવા મળવાનો છે. જેમાં જ્ઞાતિના મહાનુભાવો, મહાજન મોવડીઓ, ન્યાત શ્રેષ્ઠીઓ, વડીલો, વ્યાપારીઓ, યુવાનો, યુવતીઓ અને મહિલાઓ જોડાશે. જ્ઞાતિજનોનો આ મહાસાગર નલિયા નગરમાં ઉમટશે. આ સાગરનો હિસ્સો થનાર તો બડભાગી રહેશે, પણ તેના પ્રત્યક્ષ દર્શન કરનારની પણ આંખ ઠરશે.

સંમેલનમાં સૌ પોતપોતાના ઘટક-સંગઠનનો એજન્ડા હાથ ધરી એકબીજા સાથે સહયોગ કરી, સંકલન કરી કેવી રીતે પ્રગતિ સાધી શકીએ એની વિશદ ચર્ચા-વિચારણા કરશે. બિઝનેસમેન, યુથ પાવર અને નારી શક્તિ સશક્તિકરણ વિભાગ આમાં મોખરે છે.

મહાજનો દ્વારા વિવિધ ઠરાવો મૂકાશે. સૌ ચર્ચા અને ગહન અભ્યાસ કરી. સર્વાનુમતે તેની ફલશ્રુતિ રૂપે તેનું પરિણામ મેળવશે.

સંમેલનના જેમ જેમ દિવસો નજીક આવતા જાય છે. એને સફળ બનાવવા સૌ પોતાનાથી બનતું જોર અને જોશ અજમાવી રહ્યાં છે. કચ્છના ઠેર ઠેર ગામડા, નગરોમાં, હલો નલિયા, હલો જ્ઞાતિ સંમેલન મેં ભાગ ગિનેલે જા બેનરને નારાથી પૂરજોશમાં પ્રચાર પૂરપાટ આગળ ધપી રહ્યો છે.

સમસ્ત મહાજન દ્વારા પણ સંમેલનમાં ભાગ લેવા સંગીત જીંગલ, ટચુકડી વિડીયો ક્લીપને આવહાન ગીત વિગેરે સૌને જીભે વસી જાય, મન અંતરમાં ઉતરી જાય એવા સતત પ્રયાસો કરાઈ રહ્યાં છે.

સંમેલનને સર્વાંગી સફળતા મળે એ સ્વપ્ન કોઈ એકનો નથી. સર્વે જ્ઞાતિજનનો એકે એક કચ્છી દશા જૈન ભાઈ બહેનનો છે. વર્ષો સુધી સેવેલા સ્વપ્ન આ દિવસે સાકારિત થશે એ સુવર્ણ પળનો ઈન્તજાર સૌની આંખમાં છે. એટલે જ એક સૂરે નારો જગાવી એ 'હલો પાં નલિયા, મલો પાં નલિયા.'

જય જ્ઞાતિમૈયા.

# નલિયા ખાતે સંમેલનની તડામાર તૈયારીઓ







શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન આયોજિત શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન નલિયાના યજમાન પદે શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા તા.અબડાસા, કચ્છ મધ્યે યોજાનારા ચતુર્થ સંમેલનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં ૩ ભવ્ય ડોમ, વિશાળ કાર પાર્કીંગ, અત્યાધુનિક સુવિધા સજ્જ શમિયાણો હશે.

રજીસ્ટ્રેશન શરૂ છે. ત્વરા કરો તમારી નોંધણી કરાવો પછી હાજર ન રહ્યાનો અફસોસ થશે.











# S.M. REQUIRE IT VOLUNTEERS FOR SAMMELAN WORK

**SAMAST MAHAJAN REQUIRES IT VOLUNTEERS FOR SAMMELAN RELATED WORK ON WEEKDAYS BETWEEN 4 TO 8 PM WITH THEIR LAPTOPS.**

**KINDLY CONTACT :**

**SAMAST MAHAJAN OFFICE**

**MOB. NO.: 97699 91922**

---

## સમસ્ત મહાજનને જરૂરત છે IT વોલિયન્ટરોની જ્ઞાતિ સંમેલન કાર્ય માટે

સમસ્ત મહાજનને જ્ઞાતિ સંમેલનના કાર્ય માટે IT વોલિયન્ટરોની જરૂરત છે. જેઓ પોતાના લેપટોપ પર ૪ થી ૮ દરમ્યાન કામ કરી શકે.

**સંપર્ક : સમસ્ત મહાજન ઓફીસ**

**મોબાઈલ નં. ૯૭૬૯૯૯૧૯૨૨**

# Jito બિઝનેસ/કોનક્લેવમાં એડવોકેટ મીનલ ખોનાનું સુંદર પ્રેઝન્ટેશન







જિતોની મહિલા વિંગ દ્વારા તા. ૧૭ નવેમ્બરના મોતીલાલ ઓસવાલ ટાવર્સ, પ્રભાદેવી ખાતે 'વીમન આન્ત્રપ્યુનર્સ નેશનલ બિઝનેસ કોન્ક્લેવ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બિઝનેસ કોનક્લેવમાં મોતીલાલ ઓસ્વાલ, ગૂગલ, એમેઝોન, રેમન્ડ્સ પેટીએમ, નેસ્લે એન્ટરપ્યુનર મેગેઝિન જેવી કોર્પોરેટ કંપનીઓએ વિવિધ બિઝનેસની તકો મહિલાઓને જણાવી હતી. તેમ જ અનેક જાણીતી હસ્તીઓએ મહિલાઓ સફળ બિઝનેસવીમેન થઈ શકે એ બાબતે પોતાના વિચાર જણાતી સૌને મોટીવેટ કર્યા હતા.

કચ્છ ગામ સુથરીના હાલ નવી મુંબઈ વસતા એડ.મીનલ ભરત ખોના એ 'સક્સેસન પ્લાનિંગ, વીલ અને નોમિનેશન' વિષ પર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમણે મહિલાઓને પતિ અને કુટુંબની સ્થાવર અને જંગમ મિલ્કત વિષે માહિતગાર રહેવા વિનંતી કરી હતી જેથી બદનસીબે કસમયનું મૃત્યુ થાય તો એ મહિલા વિધવાએ સમસ્યાઓનો સામનો ન કરવો પડે. તેમણે બધી જ મિલ્કતોનું યોગ્ય નોમીનેશન કરવા માટે પણ સલાહ આપી હતી. એડ. મીનલ ખોનાએ સ્થાવર મિલ્કત માટે વીલની અગત્યતા સમજાવી હતી. આ પ્રસંગે તેમના તરફથી ''સક્સેસન પ્લાનિંગ, વીલ્સ એન્ડ નોમિનેશન્શ'' પુસ્તક સૌને ભેટ આપવામાં આવ્યું હતું.




એડ.મીનલખ ખોના ગૂદ્દ ની નેશનલ લેડીઝ વિંગના બોંડ ચેમ્બર છે એ સમસ્ત કે.ડી.ઓ. સમાજ માટે ગૌરવની બીના છે. એડ.મીનલ ખોના તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન કચ્છ-નલિયા ખાતે યોજાનારા ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં ''નારી શક્તિ''માટે ખૂબ જહેમત ઉઠાવી રહ્યાં છે. એમણે સર્વ સર્વ જ્ઞાતિજનોને આ સંમેલનમાં ભાગ લઈ તેને યશસ્વી બનાવવા અપીલ કરી છે.

# ડોંબિવલી નગરે અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ પરિવર્તન યોજાયો





ડોંબિવલી નગરે પ.પૂ.તપોગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા ચાતુર્માસ પરિવર્તન (ઠાણાઓ ઠાણા) કાર્યક્રમ ડોંબિવલીવાસીઓની બહોળી સંખ્યાની હાજરીમાં ખૂબજ ધામધૂમથી સંપન્ન થયું. સાથે મુમુક્ષ્રી મહેશભાઈનું સંઘ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.





# સાંયરા નગરે શત્રુંજય તીર્થ પટની આરાધના કરાઈ

કચ્છ સાંયરા ગામે પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શત્રુંજ્યતીર્થની આરાધના અને તે જ દિવસે પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.ના જન્મદિને તેમને શુભેચ્છા આપી સકળ સંઘે અનુમોદના કરી હતી.










શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

કાર્યાલય : રૂમ નં. ૨, બી વિંગ, ગાઉન્ડ ફ્લોર, કૃષ્ણાકુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ઈમેલ : mahajansamast@gmail.com • વેબસાઇટ : www.kdosamastamahajan.org

**આયોજિત**

## ચતુર્થ જ્ઞાતિ સંમેલન એવં પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ ૨૦૧૮ એવં પ્રથમ રાષ્ટ્રીય યુવા ફેસ્ટ ૨૦૧૮ના કાર્યક્રમોની રૂપરેખા

યજમાન : **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન,** નલિયા

સ્થળ : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર,** નલિયા અબડાસા, કચ્છ.

મુખ્ય સહયોગી : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી,** કચ્છ તેરા, માટુંગા હસ્તે **શેઠશ્રી હંસ બી. ખીમજી,** તેરા-માટુંગા

### પ્રથમ દિવસ તા. ૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ **પ.પૂ.આ.ભ.તપસ્વીરત્ન શ્રી ગુણોદયસાગરજી સૂરીશ્વરજી મ.સા.**નું સામૈયુ સહ માંગલિક/આશિર્વાદ.
૧૦.૦૦ થી ૧.૩૦ સંમેલન ઉદ્‌ઘાટનની વિધિઓ

• દિપ પ્રાગટ્ય • સંમેલનના ગણમાન્ય અતિથિઓ/પ્રમુખશ્રી દ્વારા સ્થાન ગ્રહણ/ઉદ્દબોધન • સેક્રેટરી જનરલ દ્વારા સંમેલનના કાર્યક્રમોની રૂપરેખા • યુવા ફેસ્ટ ૨૦૧૮નું ઉદ્‌ઘાટન • નારી શક્તિ ૨૦૧૮નું ઉદ્‌ઘાટન • સંમેલનના મુખ્ય લાભાર્થીઓનું સન્માન • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિશ્રામ • ૨.૩૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી સમય • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ'નો કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

• સવારના ૯ થી ૧.૦૦ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો અને અન્ય પ્રાસંગિક રજુઆતો/ઠરાવ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

• સવારના ૯ થી ૧૧.૦૦ સંમેલનની શોભાયાત્રા • ૧૧.૦૦ થી ૧.૦૦ સંમેલનનું ખુલ્લું સત્ર પ્રારંભ • સેક્રેટરી જનરલ દ્વારા આવકાર ભાષણ • સંમેલને પસાર કરેલ ખરડાની રજુઆત • સમસ્ત મહાજનની સમિતિઓના કાર્ય બાબત રજુઆત/અન્ય જ્ઞાતિહિતના પ્રકલ્પોની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ જ્ઞાતિના વરિષ્ઠ તેમજ અનન્ય સિધ્ધિ પ્રાપ્ત જ્ઞાતિજનોનું બહુમાન • સમસ્ત મહાજન દ્વારા નલિયા મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • નલિયા મહાજન દ્વારા સમસ્ત મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • સંમેલનની પૂર્ણાહુતિ પ્રસંગે સેક્રેટરી જનરલનું ઉદ્દબોધન અને આભાર પ્રદર્શન વિધિ.



## નારી શક્તિ-૨૦૧૮



### પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ • ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

સવારના ૯ થી ૧.૦૦ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • અને મહિલા વિકાસના પ્રકલ્પની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ વૈદ્યકિય બાબતે માર્ગદર્શન અને વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી • ૧૧.૦૦ થી ૧.૦૦ મોટીવેશનલ કાર્યક્રમ/નારી શક્તિ ૨૦૧૮ની પૂર્ણાહુતિ • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ મુખ્ય સંમેલનમાં હાજરી • ૫.૪૫ થી ચૌવિહાર




## યુવા ફેસ્ટ-૨૦૧૮




### પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી • બપોરના ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ • બપોરના ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે યુવાઓને માર્ગદર્શન તથા મેનેજમેન્ટ ગેમ • સાંજના ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૦૦ યુવાઓને જ્ઞાતિ સેવામાં જોડાવા આહવાન • બપોરના ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • બપોરના ૨.૦૦ થી ૫.૪૫ સમસ્ત મહાજનના પ્રકલ્પની રજુઆત અને મનીષ જૈન દ્વારા માર્ગદર્શન • ૫.૪૫ થી ૮.૦૦ ચૌવિહાર અને ફ્રી ટાઈમ • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી • સવારના ૧૧.૦૦ થી ૧.૦૦ સમસ્ત મહાજનના પ્રકલ્પની જાહેરાત/યુવા ફેસ્ટ-૨૦૧૮ની પૂર્ણાહુતિ • બપોરના ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • બપોરના ૨.૦૦ થી ૪.૦૦ મુખ્ય સંમેલનમાં હાજરી • ૫.૪૫ થી ચૌવિહાર

## જ્ઞાતિજનોને આવાહન

### જ્ઞાતિના વિવિધ ક્ષેત્રે કિર્તીમાન હાંસલ કરેલ વ્યક્તિના બહુમાન/સન્માન બાબત

સુજ્ઞ જ્ઞાતિજનો,

આપણી જ્ઞાતિની વિવિધ ક્ષેત્ર કિર્તીમાન હાંસલ કરેલા જ્ઞાતિજનોના નામ ત્વરિત શ્રી સમસ્ત મહાજનની ઓફીસે અથવા nationalkdo@gmail.com ઉપર મોકલવા વિનંતી.

સર્વે જ્ઞાતિજનોને પણ એક વિનંતી છે કે તમો એવા કોઇ જ્ઞાતિજનને જાણતા હો, જેઓ રમતગમત, કેળવણી, રાજકારણ, અભ્યાસ, હુન્નર કે અન્ય કોઇ ક્ષેત્રે કોઇ કિર્તીમાન હાંસલ કરેલ હોય તમો તે વ્યક્તિના સગા-સબંધિ, મિત્ર કે ચિરપરિચિત હો તો તે વ્યક્તિનું નામ અને તે બાબત થોડી માહિતી ત્વરિત **9769991922** વોટ્સએપ નંબર ઉપર અથવા/અને nationalkdo@gmail.com ઉપર તા. ૫-૧૨-૨૦૧૮ સુધી મોકલવા વિનંતી.

## કે.ડી.ઓ. રાષ્ટ્રીય લોગો પ્રતિયોગિતા
## K.D.O. NATIONAL LOGO COMPETITION

ચાલો જ્ઞાતિની એક ઓળખ ઉભી કરીએ...

આપણી મુખ્ય સંસ્થાઓ/મહાજનો બધા પોતાના લોગો ધરાવે છે. લોગો તેમની પ્રવૃત્તિઓ, સિધ્ધિઓ, સંસ્થાની ઉમર અને લાક્ષણિકતાઓ દર્શાવતું પ્રતિક છે. શૈક્ષણિક, વૈદ્યકિય, સામાજિક, ધાર્મિક સંસ્થાઓના લોગો તેમની પ્રવૃત્તિઓ કે વિઝનનું રસપાન કરાવે છે.

શ્રી સમસ્ત મહાજન, કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું એક લોગો સ્થાપિત કરવા ઈચ્છે છે જે આપણી પ્રવૃત્તિઓ, જ્ઞાતિ, સામાજિક દિર્ઘદ્રષ્ટિનું પ્રતિક હોય. One Logo - One Community - One Vision ને સાર્થક કરનાર આ લોગો માટે જ્ઞાતિના વેબ ડીઝાઈનર્સ, કોમર્શિયલ આર્ટિસ્ટ, વિચારકો માટે પોતાની જ્ઞાતિને ''લોગો''માં દર્શાવવા આમંત્રણ આપે છે. આ એક સ્પર્ધા છે જેમાં તમારે નિપુણતા દાખવવાની છે.

જ્ઞાતિનો આ લોગો જ્ઞાતિની દરેક સંસ્થાઓ, મહાજનોના પોતાના લોગો સાથે જ્ઞાતિની અખંડિત એકતા દર્શાવવા પોતાના લેટરહેડ, બોર્ડ કે જે પ્રચાર સામગ્રી હોય તે સાથે છાપશે અને આપણને સૌને પ્રેરણા આપશે.

સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને જ્ઞાતિના વરિષ્ઠ શ્રેષ્ઠીવર્યોની ટીમ આવેલ ડીઝાઈનોમાંથી એક નક્કી કરશે. જે આપણી ઓળખ કહેવાશે. પસંદ થયેલ ડીઝાઈનના કર્તાને આગામી સંમેલનમાં પુરસ્કૃત કરવામાં આવશે.

શક્ય છે આગામી સંમેલનની દિવાલો, પંડાલો જ્ઞાતિના નવા લોગોથી શોભતા હશે.

આપ સૌને પોતાની એન્ટ્રી સમસ્ત મહાજનના કાર્યાલયે તા.૫ ડિસેં. ૨૦૧૮ સુધી મળે તે પ્રમાણે મોકલવાની છે અથવા nationalkdo@gmail.com પર મોકલી આપશો.

લી. **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**
**નિશિથ એ. દંડ** (સેક્રેટરી જનરલ)

# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા–કચ્છ દ્વારા જિનાલયની ૧૬૦ વર્ષગાંઠ ઉજવાશે

તેરા મહાતીર્થ–શ્રી જીરાવલ્લા પારસનાથ પ્રભુ જીનાલયની ૧૬૦મી વર્ષગાંઠ ઉજવણી પ્રસંગે શ્રી તેરા કુવાપધર, લાખણીયા, ધુફી અને નિયાણી પરિવારો જોગ. જણાવવાનું કે શ્રી જીરાવલ્લા પારસનાથ પ્રભુ જીનાલયની આગામી ૧૬૦ મી વર્ષગાંઠ મહા સુદ-૫ (વસંત પંચમી), તા. ૯–૦૨–૨૦૧૯ શનિવારના શુભદિને આવે છે. જે નીચે મુજબ છે.

પ્રથમ દિવસ: મહાસુદ ૩ ગુરૂવાર તા. ૭ ફેબ્રુઆરી ૨૦૧૯, બપોરના શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

દ્વિતીય દિવસ : મહા સુદ-૪ શુક્રવારના તા. ૮ ફેબ્રુઆરી ૨૦૧૯ સવારના ૯.૦૦ કલાકે –પ્રભુજીના અઢાર અભિષેક, બપોરની ૩.૩૦ કલાકે વડીલ વંદના કાર્યક્રમ.

મહાજનવાડી સંકુલમાં લના આવેલ સાધર્મિક ભક્તિ ભવન હોલમાં વડીલોના ફોટાઓ તેમના પરિવારજનો તકફથી આપવામાં આવેલ છે. તેથીએ વડીલોની સ્મૃતિ વંદના કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

તૃતીય દિવસ : મહાસુદ-૫(વસંત પંચમી) શનિવાર તા. ૯ ફેબ્રુઆરી સવારની ૯.૦૦ કલાકે ધ્વજા રોહણ કાર્યક્રમ વિધિ વિધાન માટે શ્રા ચંદ્રકાંતભાઈ દેઢિયા-બિદડાવાલા પોતાની મંડળી સાથે પધારશે.

મહોત્સવ દરમ્યાન પધારનાર માટે રહેવાની વ્યવસ્થા તથા સાધાર્મિક ભક્તિની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ છે. તો આ પ્રસંગે સર્વેને સહપરિવાર પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. કેટલી સંખ્યામાં અને કઈ તારીખે આવવાના છો તેની જાણ અત્રે પેઢીએ કરશોજી જેથી તે મુજબ અત્રે તે પ્રમાણે વ્યવસ્થા કરી શકાયએ ખાસ નોંધ લેશોજી.

તેરા પેઢી ફોન નં. (૨૮૩૧)૨૮૯૪૩૩/૨૮૯૨૨૩/૨૮૯૨૨૪.

નોંધ : ઉપરોક્ત ધ્વજ તથા અઢાર અભિષેકના મુખ્ય ચડવા તા. ૬–૧–૨૦૧૯ને રવિવારના સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ મધ્યે શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘના વાર્ષિકોત્સવ કાર્યક્રમ દરમ્યાન લઈ આદેશ આપવામાં આવશે.

---

॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ॥

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન (રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ,તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦ : ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

### વાર્ષિક સામાન્ય સભા(A.G.M.)

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **શનિવાર તા. ૦૮-૧૨-૨૦૧૭**, સાંજના ૬.૩૦ કલાકે **લાયનસ કલબ ઓફ મુલુંડ**, વી. પી. રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ -૪૦૦ ૦૮૦. ખાતે રાખવામાં આવેલ છે.

**એજન્ડા : કાર્યસુચી :-**

૧) ગત મિનિટસનું વાંચન અને બહાલી
૨) મહાજન ના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી
૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ના ઓડીટેડ હિસાબોની રજુઆત
૪) મહાજન ના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ ના ઓડીટર નિમણુક બાબત
૫) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા - વિચારણા
૬) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયોપર ચર્ચા - વિચારણા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી **પ્રમુખ શ્રી : કાંતિલાલ કરમશી વિકમશી**

**લી. માનદમંત્રીઓ : જયંતીલાલ દેવશી મૈશેરી - ચાંપસી ડુંગરશી હેકા**

**નોંધ : વર્ષ ૨૦૧૭-૨૦૧૮ મહાજન તેમજ ટ્રસ્ટનાં હિસાબી ચોપડા (ઓડીટેડ) હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, મધ્યે મહેતાજીને લખાણમાં આપી અને શુક્રવાર તા. ૩૦-૧૧-૨૦૧૮ સુધી જોઇ શકો છો.**

નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

## : યાત્રા પ્રવાસ : ૨ રાત્રી ૨ દિવસ : સાપુતારા, વણી, દેવલાલી

જાન્યુઆરી શુક્રવાર તા. ૪-૧-૨૦૧૮ ના રાત્રે ૧૧.૩૦ કલાકે અતીથી હોટલ, મુંલુડ (વેસ્ટ) સ્ટેશન પાસે થી ( **૨x ૨ એ.સી બસ** ) દવારા ઊપડશે.

શનિવાર તા. ૫-૧-૨૦૧૮ સાપુતારા દર્શન- સેવા - પુજા, સાઇટસીન, રાત્રી રોકાણ

રવિવાર તા. ૬-૧-૨૦૧૮ સાપુતારા દર્શન- સેવા - પુજા, નવકારશી, વણી દર્શન, નાસીક, દેવલાલી દર્શન, ચોવીહાર પ્રસથાન

મુબંઇ આગમન રાત્રે ૧૦.૦૦ કલાકે

વહેલો તે પહેલાનાં ધોરણે ૧ બસનાં નામ લખવામાં આવશે.

**Contact : Jayantilal Meisheri - 98197 48250**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

## નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

# નારી શક્તિ ૨૦૧૮

## તાઃ ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮માં સહભાગી થાવ

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો :**

**મનીષભાઈ લોડાયા - ૯૭૬૯૯ ૯૧૯૨૨**

---

## Shree Samast KDO Jain Mahajan YUVA Committee Organise




So pull up your socks & get ready for

* Power Packed Seminars * Enlightment on Goal Setting * Vision Development * Treasure Hunt * Team Building Games * Campfire * Garba Night ......and much more

**Date: 23 Dec. 2018 To 25 Dec. 2018**

Criteria :

*** 16 yrs to 35 yrs Unmarried * Limited Seats**

*** No Entry Fees * Registration Compulsory**

Hope to see you all in Huge Numbers.

For Details Contact : **9769502277, 9579787800, 9769991922**

**Venue: Naliya, Kutch**

# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચર્તુથ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

**૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**






**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**

# ઘાટકોપર નગરમાં ચાતુર્માસ પરિવર્તન પ્રવેશ સામૈયું




ઘાટકોપર જીરાવલ્લાથી પ.પૂ.આ.તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬ ચાતુર્માસ પરિવર્તન સામૈયું સકળ સંઘની વિશાળ ઉપસ્થિતિમાં કરાયું.







શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં જન્મ, દિક્ષી કલ્યાણક ઉજવાશે

ડોંબિવલી નગરે શ્રી સુવિધિનાથ દરબારે તા.૨૭ નવેમ્બર ૨૦૧૮ મંગલમય પ્રભાતે ૫.૪૫ કલાકે વર્ધમાન શક્રસ્તવના આધારે નિરંજન પુણ્ય વિપુલ પરિવારના પ.પૂ.સાધ્વી શ્રી તપોગુણીશ્રીજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં વિધિકાર વિરલ છેડાના સથવારે આપણા દાદાશ્રીના એક સાથે બે બે કલ્યાણક ઉજવારો સાથે વિવિધ અભિષેક કરાશે. જે પ્રસંગનો લાભ લેવા પૂજાના વસ્ત્રોમાં હરખ હોલા થઈ ભક્તિનું ભેટણું લાવીને ઉમંગથી પધારશોજી.

# શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ તિરપુરની નવીકારોબારી ચૂંટાઈ

શ્રી ગુજરાતી શુભેચ્છક મંડળ તિરપુરની વાર્ષિક સર્વ સાધારણ સભા તાજેતરમાં મળી જેમાં સંસ્થાની નવી ટર્મ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ માટે નીચે મુજબ પદાધિકારીઓ વરાયા હતા. પ્રમુખ તરીકે પ્રવીણ રાજ આર.મહેતા, ઉપપ્રમુખો તરીકે હસમુખ આર પંચમીયા અને સુરેશ જે વિભાકર, મંત્રીઓ પદે નારાણદાસ એન. પવાણી, પ્રકાશ જે અંજારીયા, સતિષ એચ. નાગડા અને ભરત એસ.પૂજારા જ્યારે ખજાનચી તરીકે હારિથ એ. દેસાઈ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

**જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ**

**www.kdosamastamahajan.org**



# હૈદ્રાબાદ જૈન સંઘમાં ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પરિવર્તન





અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ શહેરમાં પ.પૂ.કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નું ચાતુર્માસ પરિવર્તન અવસરે સામૈયું કરાયું. જેમાં સકળ સંઘની ભવ્ય હાજરી રહી હતી. આબાલ વૃધ્ધ સહિત સૌ જોડાયા હતા.




## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ બદલ પ્રબોધ મુનવરનું મુખ્યમંત્રીનાં હસ્તે સન્માન કરાયું



કચ્છ જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા વર્ષ સ્નેહ મિલન પ્રસંગે વિવિધ સેવાભાવીઓનું સન્માન રાજ્યના મુખ્યમંત્રીશ્રીનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ.

ભુજ વિસ્તાર અને સમગ્ર કચ્છમાં માનવજ્યોત સંસ્થા ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા કચ્છની માનવ સેવા અને જીવદયાની પ્રવૃત્તિઓની રાજ્ય કક્ષાએ નોંધ લેવામાં આવેલ.

માનસિક દિવ્યાંગોની સેવા, બિનવારસ લાશોની અંતિમક્રિયા, ગુમ થયેલા લોકોને શોધી આપવાનું કાર્ય, બાળશ્રમયોગીઓને અક્ષરજ્ઞાન, વૃદ્ધ વડીલોને ઘેર બેઠા ટિફીન દ્વારા ભોજન, તથા પ્રસંગોપાત વધી પડેલી રસોઈ ગરીબોનાં ઝુંપડે, તેમજ કચ્છનાં ગામડે-ગામ અને શહેરોમાં કુંડા-ચકલીઘર વિશાળ કાર્ય વિગેરે સેવઓની રાજ્ય સરકાર અને ભારતીય જનતા પાર્ટી દ્વારા વિશિષ્ટ નોંધ લઈ મૂળ કોઠારાના હાલે ભુજના નિવાસી માનવજ્યોત સંસ્થામાં પ્રબોધ મુનવરનું રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં વરદ હસ્તે સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે રાજ્યના મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલ, રાજ્ય મંત્રી વાસણભાઈ આહિર, સાંસદ વિનોદભાઈ ચાવડા જીલ્લા પંચાયત પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢા, ધારાસભ્યો ડૉ. નીમાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, કચ્છ જીલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી કેશભાઈ પટેલ, પુષ્પદાનભાઈ ગઢવી, તારાચંદભાઈ છેડા, મધુકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. માનવજ્યોત સંસ્થા ભુજની કચ્છભરમાં ચાલી રહેલ સેવાકીય પ્રવૃત્તિઆની સમારંભમાં  ખાસ નોંધ લેવામાં આવી હતી.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘ દ્વારા ઓળીઓના આરાધકોનું બહુમાન

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોમ્બીવલીના આંગણે પ પૂ સા.શ્રી તપોગુણા શ્રી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પ.પૂ.સા.શ્રી પુણ્યોદય શ્રી મ.સા.ની ૧૮મી પુણ્યતિથિ એ ગુણાનુમોદન સહ વર્ધમાન તપ ની ઓળીઓના આરાધકોનું બહુમાન કરાયું.











# ડોંબિવલી અચલગચ્છ જૈન સંઘની સકળ સકળ સંઘને અપીલ

થોડાક દિવસોથી એક મેસેજ ની શરુઆત થઈ છે કે વિહાર કરતા શ્રમણ અને શ્રમણી ની વિહાર દરમ્યાન રક્ષા કરશો....

આ સાથે દરેક સંઘ સાધુ સાધ્વીજીઓની નાનો હોય કે મોટો કોઈ પણ વિહારની જવાબદારી સ્વીકારે તો આ પ્રશ્ન જ ઉભો ન થાય... ગયા વર્ષે ઘાટકોપર ના ચાતુર્માસ દરમ્યાન પ.પુ.આ.ભ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા એ દરેક સંઘો ને વિહાર ગ્રુપ શરૂ કરવાની અપીલ કરેલ...તેમની અપીલ ને માન આપી અમુક સંઘોમાં વિહાર ગ્રુપ ખુબજ સક્રિય છે...

ચાતુર્માસ સિવાય સંઘો માં ગુરુ ભગવંત પધારે ત્યારે તેમના વિહાર માં અચૂક વિહાર ટીમના સભ્યોએ જવું જોઈએ... મોટો વિહાર હોય તો બે સ્થળ ની વચ્ચે ના સંઘની ટીમ ને અડધી જવાબદારી સોંપી શકાય......

માટે દરેકને વિનંતી કે ફક્ત whatts app માં વિહારની સુખાકારીના મેસેજ ફોરવર્ડ ન કરતા તેમના વિહાર માં સાથે જોડાઈ ને તેમને સાથ આપો.....

જે જે અચલગચ્છ, કચ્છી સંઘો માં વિહાર ગ્રુપ છે તેમને વિનંતી કે તેઓ પોતાની વિગત અહીં પોસ્ટ કરે....

વિગતમાં ફક્ત સંઘ નું પૂરું નામ , એરિયા, કુલ કેટલા જણ ની ટીમ છે  અને ૨ મુખ્ય જવાબદાર વ્યક્તિઓના નામ, ગામ  અને મોબાઈલ નંબર.... જેથી દરેક સંઘ તે માહિતી પોતાની પાસે રાખી શકે...

*World is changing rapidly...*

*Todays everything is available on one CLICK at our door steps....*

# KDO B2B

has formed a platform for our own KDO community to multiply our business Opportunities.

## Lets all take one step to digitise our kdo businesses by connecting them in the thread of KDO B2B.

*Lets transform our businesses by taking them to the next level. And first step is to simply click the link given below and fill up the form as Soon as possible .....*

**b2b.kdosamastamahajan.org**

- first 500 business will be posted free in our website in B2B portal.
- huge business opportunities amongst our community and their contact spheres awaits you. So don't wait and go for it.
- enhance your entraprenuerial skills by being part of eminent KDO business community.






# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Name : KAJAL**

**Father Name : Laxmichand**

**Mother Name : Veena**

**Surname : Panpariya**

**Date of Birth : 17 September 1987**

**Place of Birth : Bharuch**

**Birth Time : 02:05 pm**

**Sunshine : Gemini (Mithun)**

**Hight : 5"4**

**Weight : 42 Kg.**

**Complexion : Fair**

**Blood Group : B +ve**

**Native Place : Ankleshwar**

**Occupation : Pvt. Accounting**

**Gyatimaiya KDO Mahajan Code No. G-12**



**Name : Hemant Manilal Lodaya**

**Fathers : Manilal Kuverji Lodaya**

**Mothers : Kanchan M. Lodaya**

**Maternal : Bhagchand Damji Kanji Dharamshi (Kutch – Kothara – Mulund)**

**Address : C/304, Anantnathji complex, Nehru Nagar, Kanjurmarg (East), Mumbai-42.**

**Native Place : Sayera (Kutch)**

**Date of birth : 03rd June 1987**

**Birth place & Time : Dombivali & 07.00 AM**

**Height : 5.8"**

**Weight : 63 kgs**

**Qualification : Graduate in Commerce (B.COM), Diploma in logistics & Supply chain management.**

**Hobbies : Sports, Music and Travelling**

**Complexion : Wheatish**

**Sister : Jasmina Hemant Manekji Boricha (Bayath – Mulund)**

**Profession : Asst. manager – CS & Operation, M/S.Exim Transtrade (I) Pvt.Ltd. 201, Marathon Maxima, LBS Road, Mulund (West). Mumbai - 400 080. Tel No.022-66 800 800.**

**Mobile : +91-9833 808 236**

**Blood Group : "A" Positive**

**Gyatimaiya KDO Mahajan Code No. B-9**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# બાયઠવાસી ક.દ.ઓ. જોગ

માનનીય સભ્યશ્રીઓ,

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટની એક વિશેષ સભા તા. ૭-૧૦-૨૦૧૮ના રોજ પ્રમુખશ્રી **ઠાકરશી મેઘજી ગોસર**ના પ્રમુખપદે આઈરીશ હૉલ, મુલુંડ (વેસ્ટ) મધ્યે મળેલ.

ઉપરોક્ત વિશેષ સભામાં આગામી ત્રણ વરસો ઇ.સ. ૨૦૧૯ થી ઇ.સ. ૨૦૨૧ (૧-૪-૨૦૧૯ થી ૩૧-૩-૨૦૨૧)ના વરસો માટે બંને સંસ્થાઓની ચુંટણી યોજવાનું સર્વાનુમતે નક્કી થયેલ છે.

## ચુંટણી બાબત વિશેષ માહિતી

૧) સૌ પ્રથમ ૧૮ વરસ કે તેથી વધુ ઉંમરની કોઇપણ વ્યક્તિ ઉમેદવારી કરી શકશે.
૨) બાયઠ મહાજનશ્રીના સભ્યો જ બંને સંસ્થામાં ઉમેદવારી કરી શકશે.
૩) તમામે તમામ ૧૮ કે તેથી વધુ ઉંમરના બાયઠવાસીઓ એ સભ્યપદ મેળવવું પડશે અને તો જ ઉમેદવારી કરી શકશે.
૪) સભ્યપદ મેળવવા માટે રૂા. ૧૧ (અંકે રૂપીયા અગીયાર) પ્રવેશ ફી ભરવાની રહેશે.
૫) સભ્યપદ મેળવવા માટે વાર્ષિક લવાજમ રૂા. ૫૧/- (અંકે રૂપીયા એકાવન) પ્રત્યેક વર્ષે ભરવા પડશે.
૬) આજીવન સભ્યપદ મેળવવા માટે એકજ વખત રૂા. ૫૦૧/- (રૂપીયા પાંચસો એક) ભરવા પડશે.
૭) કોઇપણ બાયઠવાસી ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરવાળા જ મતદાન કરી શકશે.

સભ્યપદ મેળવવાની છેલ્લી તારીખ ૧૫-૧-૨૦૧૯ રહેશે. ઉપરોક્ત ચુંટણી માટે આપણી જ્ઞાતિના સંનિષ્ઠ કાર્યકર શ્રી ભરત શામજી છેડા, નલીયા (કાંજુરમાર્ગ) વાળાની ચુંટણી કમીશનર તરીકે મીટીંગમાં નિમણુંક કરવામાં આવેલ છે. કોઇ પણ વાંધા-વચકા માટે ચુંટણી કમીશનરનો નિર્ણય આખરી ગણાશે.

ટ્રસ્ટ બોર્ડ માટે ૧૧ જગ્યાએ નીચે પ્રમાણે રહેશે.

૧) ૬ પુરૂષ + ૧ મહિલા = ૭ મુંબઈ વિભાગ
૨) ૩ દેશ-દેશાવર વિભાગ
૩) ૧ સ્થાનીક બાયઠ વિભાગ

કુલ્લ અગીયાર સભ્યોની ચુંટણી થશે (બંને સંસ્થામાં)

**ચુંટણી બાબત તારીખો :**

| | | |
|---|---|---|
| ફોર્મ આપવાની તારીખ | : | તા. ૩-૨-૨૦૧૯ થી તા. ૧૭-૨-૨૦૧૯ |
| ફોર્મ ભરવાની તારીખ | : | તા. ૩-૨-૨૦૧૯ થી તા. ૧૮-૨-૨૦૧૯ |
| ઉમેદવારોના નામોની જાહેરાત | : | તા. ૨૧-૨-૨૦૧૯ |
| ફોર્મ પાછા ખેંચવાની તારીખ | : | તા. ૨૪-૨-૨૦૧૯ |
| **મતદાનની તારીખ** | : | **તા. ૩-૩-૨૦૧૯** |

મતદાનનો સમય : **સવારના ૧૦.૦૦ થી બપોરના ૩.૦૦**
પરિણામ : **તા. ૩-૩-૨૦૧૯ તેજ સ્થળે** (ત્રણે વિભાગનું મતદાન એકજ સ્થળે થશે.)
ચુંટણી માટેનું સ્થળ : **૭૦૧ મહાવીર સીમ્ફની, જવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.**

ફોર્મ મેળવવાનું અને ભરેલા ફોર્મ આપવાનું સ્થળ :

૧) **શ્રી ઠાકરશી મેઘજી ગોસર**
૧૨, શિવાજી ફોર્ટ સોસાયટી, સાયન તળાવની બાજુમાં,
એન.એસ. મંકીકર માર્ગ, સાયન (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.
ફોન નં. : ૦૨૨-૨૪૦૧૬૦૯૩

૨) **શ્રી નવીન નારાણજી ધુલ્લા**
૧૧૪, એ-૨, કૈલાસ કોમ્પલેક્સ,
એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૭૮.
ફોન નં. : ૦૨૨-૨૫૯૫૩૯૯૧

ફોર્મ મેળવવા તથા આપવાનો સમય : બપોરના ૨.૦૦ થી ૬.૦૦

- મતદાન કરનારે પોતાનું ઓળખપત્ર સાથે લાવવું પડશે
- સભ્યપદ મેળવવા માટે વસતિપત્રક કુટુંબ ક્રમાંક નંબર લખવાનું ફરજીયાત છે.

**એજ લિ. શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**
**બાયઠ ક.દ.ઓ જૈન મહાજન ટ્રસ્ટ માનદમંત્રીઓના જય જિનેન્દ્ર**

# બાયઠવાસીઓ તથા બાયઠ ગામની નિયાણી બહેનો જોગ

સહર્ષ જણાવવાનું બાયઠ મધ્યે આપણા **શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૬૮મી વર્ષગાંઠ** નીમીત્તે મહાજનશ્રીએ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ના આજ્ઞાવર્તીની **પ.પૂ. સાધ્વીશ્રી જ્યોતિકળાશ્રીજી મ.સા.** આદિઠાણાની નિશ્રામાં ત્ર્યાન્હિકા મહોત્સવનું આયોજન મહાસુદ ૮ થી મહાસુદ ૧૦ **તા. ૧૨-૨-૨૦૧૯ થી તા. ૧૪-૨-૨૦૧૯** સુધી યોજેલ છે. જેમાં સૌ બાયઠવાસીઓ તથા નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

## ત્ર્યાન્હિકા મહોત્સવનો કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| પ્રથમ દિવસ | મહાસુદ ૮ તા. ૧૨-૨-૨૦૧૯ને મંગળવાર | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા |
| દ્વિતિય દિવસ | મહાસુદ ૯ તા. ૧૩-૨-૨૦૧૯ને બુધવાર | શ્રી અઢાર અભિષેક |
| ત્રિતિય દિવસ | મહાસુદ ૧૦ તા. ૧૪-૨-૨૦૧૯ને ગુરૂવાર | શ્રી ધ્વજા મહોત્સવ |

અઢાર અભિષેકના મૂળનાયક શ્રી મહાવીર સ્વામીજીના લાભાર્થી **અ.સૌ. ઈન્દુમતી લક્ષ્મીચંદ પોલડીયા પરિવાર**
હસ્તે **રાજશ્રી ઉમેશ શાહ**

બીજા મુળનાયક શ્રી આદેશ્વર દાદાજીના અભિષેકના લાભાર્થી **શ્રી હિરાચંદ કેશવજી લોડાયા પરિવાર** (પીર)
હસ્તે **કીરણ મણીલાલ દંડ**

## ધ્વજા મહોત્સવના લાભાર્થી પરિવારો

**મૂળનાયક શ્રી મહાવીર સ્વામીજીની દેરી**

**બન્ને સમાજની બાયઠ ગામની નિયાણી બહેનો**

**જુના મૂળનાયક શ્રી આદેશ્વર દાદાની દેરી**

**માતુશ્રી બચુબાઈ લાલજી ઉમરશી છેડા પરિવાર**

**જિનાલયના ગુંબજ તથા ચોકીયારાના**

**બન્ને સમાજની બાયઠ ગામની નિયાણી બહેનો**

તા. ૧૧-૨-૨૦૧૯ થા તા. ૧૪-૨-૨૦૧૯ સુધી ત્ર્યાન્હિકા મહોત્સવ પ્રસંગે આવનાર દરેક ભાવિકોની રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તો સૌ બાયઠવાસી ક.દ.ઓ. તથા ક.વી.ઓ. પરિવારો તથા બન્ને સમાજની નિયાણી બહેનોના પરિવારો સહકુટુંબ પધારશોજી.

**ધ્વજા મહોત્સવે પધારનારના નામો નીચે આપેલ સંપર્ક નંબર ઉપર જાણ કરવા વિનંતિ**

શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા - 9930008389 શ્રી નીલેશ મેઘજી પોલડીયા - 9925853680
શ્રી જગદીશ ડુંગરશી દંડ - 9820775677 શ્રી જીતેન્દ્ર ટોકરશી છેડા - 9321353419
બાયઠ ઓફીસ - 02834 - 271447

નિયાણી બહેનોને નમ્ર વિનંતિ છે કે આપ સૌએ આ અનમોલ લાભ લીધો છે તે બદલ ભૂરી ભૂરી અનુમોદના. નિયાણી બહેનો લાભ લીધેલ ઉછામણીનો ફાળો નીચે દર્શાવેલ નામોવાળાને લખાવજો અને આવવા માટેના નામ પણ નોંધાવશોજી.

અ.સૌ. ટીનાબેન રાજેન્દ્ર પોલડીયા- 9371144777 કુ. બોસ્કી રાજેન્દ્ર પોલડીયા - 7066975811
અ.સૌ. રાજશ્રીબેન ઉમેશ મોતા - 9987693334 અ.સૌ. લતા કીશોર મારૂ - 9920750744
અ.સૌ લતા મયુર - 9819674811

**લિ. શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ**
**બાયઠ ક.દ.ઓ જૈન મહાજન ટ્રસ્ટ માનદમંત્રીઓના જય જિનેન્દ્ર**

# અચલગચ્છ જૈન મુલુંડમાં પ.પૂ.સાધ્વીશ્રી મ.સા. આદિ ઠાણા ૪નો ચાતુર્માસ પરિવર્તન આરંભ થયો





તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિર્વાદથી પ્રવર્તિની મહત્તરા, અચલગચ્છ શ્રમણી મુખ્યા પ.પૂ.ગુરુણીમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સરલ સ્વભાવિની પ.પૂ.ગુરૂવર્યાશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા world first in cow M.Phill Ph.d. ગૌ વિજ્ઞાની આત્મસ્પર્શી, લાઈફ ટચ પ્રવચનકારિકા પૂ. ગુરૂવર્યાશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ તા.૧૮ જુલાઈ બુધવારના માતુશ્રી નવલબેન મણિલાલ પદમશી દંડ પરિવારના વર્ધમાન નગર નિવાસસ્થાનેથી વિહાર કરી ચાતુર્માસ પ્રવેશ કર્યો હતો. પૂ.ગુરૂવર્યાશ્રીજીનું ચાતુર્માસ પરિવર્તનનો લાભ પણ આ પરિવારને મળ્યો.

તા.૨૩ નવેમ્બર ૨૦૧૮ શુક્રવાર રોજ સવારે ૭.૧૫ કલાકે વાસુપૂજ્ય દાદાના દરબારેથી પ.પૂ.ગુરૂવર્યાશ્રી સાથે વર્ધમાન નગરે વાજતે ગાજતે ચાતુર્માસ પરિવર્તન કર્યું હતું. જ્યાં મ.સા. સાધ્વી મહારાજ સાહેબનું માંગલિક પ્રવચન થયા બાદ સૌ એ નવકારશી લાભ લીધો હતો. આ અવસરે વિશાળ સંખ્યામાં શ્રાવક શ્રાવિકોની ઉપસ્થિત રહી હતી.



# શીવરી ગામે ચાતુર્માસ પરિવર્તન પ્રવેશ




વડાલા નગરેથી ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પ.પૂ.સા.શ્રી ચારૂદર્શનાશ્રીજી મ.સા. શીવરી સંઘમાં પધારેલ તેમનું પરિવર્તન પ્રવેશ સકળત સંઘની ઉપસ્થિતિમાં ભાવભર્યું કરાયું.



# પ.પૂ.સા.શ્રી જયદર્શીતાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન

દેવલાલી નગરે ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.સા.શ્રી જયદર્શીતાશ્રીજી મ.સા.નું ચાર્તુમાસ પરિવર્તન થયું. જેમાં સકળ સંઘના સૌ ભાઈ બહેનો વડીલો સહિત સામેલ થયા હતા.

પ.પૂ.મ.સા. જાન્યુઆરી અંત સુધી દેવલાલી મુકામે રોકાણ છે.






# પ.પૂ.સાધ્વીશ્રી મ.સા. આદિઠાણા ૪નો ચાતુર્માસ બાદ પરિવર્તન પ્રવેશ સાથે ભવ્યતાથી વિહાર




સરલહૃદયી પૂ.ગુરૂવર્યા આર્યરક્ષિતાશ્રીજી મ.સા. તથા લાઈફ ટચ, આત્મસ્પર્શી પ્રવચનકારીકા પૂ.ગુરૂવર્યા શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ચાર, મુલુંડના જાજરમાન ચાતુર્માસ પૂર્ણ કરી. ગુજરાત-રાજસ્થાન પ્રતિ વિહાર યાત્રા સાથેનો પ્રારંભ કરતા વાસુપૂજ્ય દાદાના દરબારેથી તા.૨૪ નવેમ્બર શનિવાર સવારે ૬ કલાકે સંઘમાતા માતુશ્રી ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર








## પ.પૂ.સાધ્વીશ્રી મ.સા. આદિઠાણા ૪નો ચાતુર્માસ બાદ... (૨૪મા પાનેથી ચાલુ)









કોઠારાવાળા મુલુંડ હસ્તે જયેશભાઈ જૈનના નિવાસ સ્થાને પગલાં કર્યા હતા. સાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી દીક્ષાર્થે તૈયાર થયેલ મુમુક્ષુ મનોજકુમાર શ્રીશ્રીમાલ બાડમેર તથા મુમુક્ષુ મહેશભાઈ નિસર દેવપુરના વરસીદાનનો વરઘોડા વાજતે ગાજતે પ્રવેશ કર્યો હતો. જ્યાં મુમુક્ષોઓનું સન્માન કરાયું. જેમાં સકળ સંઘના ભાઈબહેનો બહોળી સંખ્યામાં પધાર્યા હતા. પ.પૂ.મ.સા.નું પ્રવચન તથા માંગલિક પૂર્ણાહુતિ બાદ સૌ પધારેલ નવકારશીનો લાભ લીધો હતો.










|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી અંબામાતાય નમઃ || || શ્રી ભલારાદાદાય નમઃ ||



# સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની ૨૫મી સમુહ પહેડી

**રજત જયંતી સમુહ પહેડી નિયાણી બહેનોને સમર્પિત**

સહર્ષ જણાવવાનું કે સમસ્ત છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજીની **૨૫મી સમુહ પહેડી**નું આયોજન સંવત ૨૦૭૫ કારતક વદ ૧૦ ને રવિવાર, **તા. ૨/૧૨/૨૦૧૮** નાં શુભ દિને કરવામાં આવેલ છે.

આ શુભપ્રસંગે છેડા ગોત્રના સર્વે ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને સહ પરિવાર પધારવા નિમંત્રણ છે.

## ◈ કાર્યક્રમની આછી રૂપરેખા

- માતાજીની છબીની સ્થાપના : સવારના ૯.૧૫ કલાકથી
- ભક્તિ સંગીત : સવારના ૯.૩૦ કલાકથી
- પહેડી પ્રસાદ : બપોરના ૧.૧૫ કલાકથી
- ઉત્થાપન : બપોરના ૨.૩૦ કલાકથી
- સરસ્વતી સન્માન : બપોરના ૩.૦૦ કલાકથી

## ◈ શુભ સ્થળ ◈

**સારસ્વત વાડી,**
ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.

## ◈ વિશેષ કાર્યક્રમ ◈

નિયાણી બહેનો તરફથી આયોજન કરવામાં આવેલ છે.

**• વિષય : 'કુટુંબ વડીલ વંદના'**

**• શ્રી ઉત્તમ છેડાના સંગીતના સથવારે સુંદર રજુઆત કરશે. • સમય : સાંજના ૫.૩૦ કલાકથી**

**• ડિનર : રાતના ૮.૩૦ કલાકથી**

## -: વિશેષ નોંધ :-

• આપની સમયસરની હાજરી અમને અને સંગીતકારને પણ પ્રોત્સાહિત કરે છે. સવારના પાંખી હાજરી ને કારણે કાર્યક્રમની શરૂઆત કરવામાં મોડું થઈ જાય છે. તેથી સવારના ૯.૩૦ કલાક સુધી સર્વેને હાજર થઈ જવા નમ્ર વિનંતી. • પહેડી દરમ્યાન કાળાવસ્ત્રો પહેરવા વર્જીત છે. • છેડા ગોત્રના સંતાનો તેમજ નીયાણીઓના સંતાનો જેમણે શાળામાં ૧ થી ૯ સુધી ૭૫%, S.S.C.થી S.Y. સુધી ૭૦%, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ પાસ થયેલ દરેક વિદ્યાર્થીઓએ તેમની તેમણે માર્કશીટની ઝેરોક્ષ કોપી તા. ૧૫-૧૧-૨૦૧૮ સુધી નીચેના સરનામે ઓર્ડીનરી પોસ્ટથી પહોંચાડવા વિનંતી. પહેડી દરમ્યાન બહુમાન કરવામાં આવશે. માણેકજી વસનજી છેડા, ફ્લેટ નં.૩૦૫, હોરાઈઝન ફ્લોરા, કસ્તુરબા રોડ, મુલુંડ (વે). • જાહેરાત ખર્ચ, પ્રસાદી ખર્ચ, નિયાણી બહુમાન ખર્ચ, સંગીત ખર્ચ માટે સ્પોનસરશીપ આવકાર્ય છે. જે પણ ભાવિકોને ઈચ્છા હોય તો કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી. • દરેક ભાવિકો તથા છેડા ગોત્રની નિયાણી બહેનોને પોતાના નામ, સરનામા, મોબાઈલ નંબર તથા ઈ-મેલ સરનામું ત્વરિત કાર્યકર્તાઓને મોકલવા નમ્ર વિનંતી. • રજત જયંતી ઉજવણીને ધ્યાનમાં રાખી નીચેના ડ્રેસ કોડમાં પધારવા નમ્ર વિનંતી. નિયાણી બહેનો તથા ભાવિકાઓ : ખોંભાના છાયલા (ઘરચોડો) અથવા બાંધણી. ભાવિકો : સફેદ કુરતા પાયજામો પહેરવા વિનંતી. • સમય મળશે તો અન્ય કાર્યક્રમ સાજના સમયમાં ઉમેરવામાં આવશે. • **બહારગામથી હાજર રહેવા ઈચ્છતા ભાવિકોને માટે ઉતારાના વ્યવસ્થા કરવામાં આવશે. તેથી જેમને પણ ઉતારાની સગવડની જરૂરત હોય તો કાર્યકર્તાઓને ૩૧મી ઓક્ટોબર સુધીમાં આવવાની તારીખ તથા સંખ્યાની જાણ કરવા વિનંતી.**

**છેડા ગોત્રના શ્રી અંબામાતાજી સમુહ પહેડી સમિતિ વતી જય અંબે વાંચશોજી.**

### વધુ વિગત માટે સંપર્ક સાધો

| | | | | | |
|---|---|---|---|---|---|
| માણેકજી વસનજી છેડા | મુલુંડ | ૯૮૧૯૫૫૬૭૬૭ | દામજી ચાંપશી છેડા | મુલુંડ | ૯૩૨૩૮૬૫૦૩૨ |
| શાંતીલાલ લાલજી છેડા | મુલુંડ | ૯૩૨૧૪૭૮૨૭૦ | હિરાચંદ ધનજી છેડા | ડોંબિવલી | ૯૩૨૧૩૭૮૯૯૯ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | મુલુંડ | ૨૫૬૮૬૪૬૮ | ઉમેશ સુરેશચંદ્ર છેડા | મુલુંડ | ૯૮૩૩૫૯૭૪૬૫ |
| કુમાર પ્રેમચંદ છેડા | મુલુંડ | ૯૮૧૯૯૧૯૭૮૩ | ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ | ૯૩૨૦૨૧૮૪૦૫ |
| કિશોર શામજી છેડા | ઘાટકોપર | ૯૭૫૭૦૫૩૬૬૭ | નરેશ પ્રેમચંદ છેડા | માટુંગા | ૯૯૬૭૬૫૪૬૫૯ |
| કમલેશ ઝવેરચંદ છેડા | મુલુંડ | ૯૮૨૦૬૩૮૪૫૭ | જયેશ નવિનચંદ્ર છેડા | ભાંડુપ | ૮૬૭૩૬૮૯૭૦ |

# શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘમાં અધ્યાત્મ યોગી પ. પૂ. મૂનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા ઓજસવી પ્રવચનકાર પ. પૂ. મૂનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ. સા. ની નિશ્રામાં એપ્રિલ મહિનામાં આયોજિત બાળકો - યુવાનો માટે ની ૯૯ યાત્રા માટેના ફોર્મ નો વિમોચન સંઘપતિઓ ના હસ્તે કરવામાં આવ્યું.







શ્રી ગોરેગામ અચલગચ્છ જૈન સંઘ માં અધ્યાત્મ યોગી પ. પૂ. મૂનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ. સા તથા યુવા ઓજસવી પ્રવચનકાર પ. પૂ. મૂનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ. સા. ની નિશ્રામાં ૧૨/૧૧/૨૦૧૮ ક્ષફ જ્ઞાન ની વિશિષ્ટ આરાધના ખૂબ જ ઉલ્લાસપૂર્વક શાનદાર રીતે કરવામાં આવી. ચૌમુખી પ્રભુની નાણ અને સુંદર રંગોળી વગેરેની પણ રચના કરવામાં આવી.





શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘ માં અધ્યાત્મ યોગી પ. પૂ. મૂનિરાજ શ્રી ઉદયરત્નસાગર મ. સા. ની નિશ્રામાં નવ ગ્રહ આરાધના માં આઠમા મા દિવસે રાહુ ગ્રહાધિપતિ શ્રી ગિરનાર તીર્થમંડન શ્રી નેમિનાથ પ્રભુ સ્વામીની આરાધના કરવામાં આવી... લાભાર્થી પરિવાર હતા. શ્રી દેવેન્દ્ર વસંતલાલ ગડા પરિવાર - નાની ખાખર




● માંડવી તાલુકાનું કાઠડા ગામ આઠ દાયકાથી નવરાત્રિ ઉજવણીની પરંપરા સાચવી બેઠો છે. આની ઉજવાણી પ્રસંગે ૬ વર્ષથી લઈ વયસ્ક ૨૪ કલાકારોએ શિવરંજની, ભોપાલી કેદાર, ભીમપલાસ જેવી રાગ રાગિણીની રજૂઆત કરી હતી.

● ગાય પોતાના પેટની ભૂખ કે તરસ મિટાવવાની લાલચમાં ખેતરમાં ઘૂસી હશે એટલે કોઈ અધમે બે ગાયો પર એસિડ છાંટી દીધેલ હશે. આ પીડિતા ગાયોને પ્રાગપર સ્થિત એન્કર વાળા અહિંસાધામમામ ઉપચાર માટે દાખલ કરાઈ હતી. અબોલ જીવો પર એસિડ નાખીને અમાનવીય ક્રુરતા દાખવનાર ફિટકારને પાત્ર છે. એવી લાગણી જીવદયા પ્રેમીઓમાં થઈ હતી.

● વિવિધ પ્રવૃત્તિની તાલીમ આપતી સિન્ક્રો અકાદમી દ્વારા નિર્મલા ગજવાણી નર્સિંગ સ્કૂલ આદિપુરમાં ચેકમેટ શતરંજી હરીફાઈ યોજાઈ ૯ થી ૧૧, ૧૨ થી ૧૪ અને ૧૫ થી ૧૬ વર્ષના વયગટમાં આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય વિજેતાઓને ટ્રોફી તથા સર્વે સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. સિન્ક્રો અકાદમીના ડાયરેક્ટર કૌશલ છાયાએ જીતની સાથે સાથે અંતમાં હારના પણ ફાયદા હોવા અંગે છણાવટ કરી હતી.

● કચ્છી જૈન સમાજ અમદાવાદ સંચાલિત ગીતા મંદિર એસ.ટી.સ્ટેશન સામે આવેલ કચ્છી જૈન ભવન અત્યાર સુધી માત્ર કચ્છી જૈન સમાજને ઉતરવાની સુવિધા અપાતી હતી જે હવેથી સમગ્ર કચ્છીઓ માટે ખૂલ્લૂ મૂકવામાં આવ્યું છે. આ ભવનમાં એ.સી. તેમજ નોન એ.સી. એમ બન્ને પ્રકારના રૂમો ઉપલબ્ધ છે. એવું સમાજના પ્રમુખ પ્રતાપભાઈ દંડએ જણાવ્યું છે.

● મહારાષ્ટ્ર રાજ્યના કિસાન નેતા તથા મહારાષ્ટ્રના કૃષિ ખર્ચ અને મૂલ્ય આયોગના ચેરમેન પાશા પટેલ રેલડીના આશાપુરા ફાર્મની મુલાકાત લઈ દાડમ, ખારેક, કાકડી, પપૈયા, ડ્રેગન ફ્રુડ વિગેરે ફળોના પાકોની ખેતી પદ્ધતિની જાણકારી મેળવી હતી.

● ૮૬મા વાયુસેના દિવસ અન્વયે સદ્ભાવના સાયકલ અભિયાન નલિયા એરફોર્સથી ગાંધીનગર માટે રવાના થયું. આ અભિયાનમાં ૨૫ જણ જોડાયા છે. માંડવી, ગાંધીધામ સામખિયાળી, હળવદ, વિરમગામ, વલસાડ થઈને દક્ષિણ, પશ્ચિમ હેડક્વાર્ટર ગાંધીનગર ખાતે ૫૦૦ કિ.મી નું અંતર કાપી પહોચશે. માર્ગમાં ૧૨ થી ૧૫ સ્થળે સરકારી અને ખાનગી શાળાઓમાં વાયુદળ અને સદભાવના અમનનો સંદેશ પહોંચાડાશે.

● અંજારના વોર્ડ પાંચના રામેશ્વર સોસાયટી પાસે આવેલ સરદાર સોસાયટીમાં બાવીસ સરદાર પરિવાર રહે છે. જેમનો મુખ્ય વ્યવસાય તાળા ચાવી બનાવવાનો છે. તેમના દ્વારા છેલ્લાં દસ મહિનાથી ગુરૂદ્વારા બનાવવાનું કાર્ય હાથ ધરાયું છે. સ્વબળે બે માળના બનનારા ગુરૂદ્વારના ઉદ્ઘાટન માટે ક્રિકેટર હરભજનસિંહને બોલાવવાનું આયોજન છે.

● જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ શાળા પસંદગીમાં પ્રથમ ભુજ તાલુકાના લોડાઈની સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, દ્વિતીય ક્રમે મુંદરાની બિનસરકારી અનેદાનિત સી.એમ.કન્યા વિદ્યાલય અને તૃતીય ક્રમે નખત્રાણા તાલુંકાની મંજલ ગામની બિનસરકારી અનુદાનિત એમ.જે. જાડેજા હાઈસ્કૂલને વર્ષ ૨૦૧૮-૨૦૧૯ની શ્રેષ્ઠશાળા તરીકે પસંદ કરાઈ છે.

● સર્વ સેના સંઘ કચ્છ ભુજ સંચાલિત એન્કરવાલા જનરલ હોસ્પિટલ મસ્કામાં ચામડી રોગના નિદાન સારવાર કેમ્પમાં ૧૭૦ દર્દીને સારવાર અપાઈ ડૉક્ટરો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ વિસ્તાર દરિયાપટ્ટીમાં આવતો હોવાથી દરિયાઈ વિસ્તાર તથા ક્ષારવાળું પાણી હોવાથી ચર્મરોગના બનાવો વધુ પ્રસરે છે.

# વડોદરામાં ચાતુર્માસ પરિવર્તન સામૈયું કરાયું






વડોદરા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પરિવર્તન સામૈયામાં સકળ સંઘના ભાઈ બહેનો ઉત્સાહભેર સામેલ થઈ સામૈયું કર્યું હતું.

# સાંધવનગરે પ.પૂ.મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન પ્રવેશ





સાંધવ ગામે પ.પૂ.પાવનગુણાશ્રીજી મ.સા. પધારેલ તેમનું સામૈયું સકળ સંઘના સહભાગથી ભવ્યતાથી કરાયું. જે પ્રસંગે શામજીભાઈનું તિલકથી સન્માન કરાયું.



# શ્રી ગોરેગાંવ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.ઉદયરત્નસાગરજી મહારાજ સાહેબ આદિઠાણાનો ચાતુર્માસ પરિવર્તન









**શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ માંથી અધ્યાત્મ યોગી પ. પૂ. મૂનિરાજ શ્રી ઉદયરત્નસાગરજી મ. સા. તથા યુવા પ્રવચનકાર પ. પૂ. મૂનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આજે પ્રથમ વિહાર સકળ સંઘ સાથે કર્યો**





## જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૧૧-૨૦૧૮ | પુણે | રોહિત કિશોર રાયમલ નાગડા | નલિયા | ૨૯ |
| | શીવડી | મિતાલી ભાવેશ વિસનજી દંડ | સાંઘવ | ૨૪ |
| ૨૨-૧૧-૨૦૧૮ | થાણે | ભાવિન મહેશ લક્ષ્મીચંદ લોડીયા | સુથરી | ૨૮ |
| | ડોમ્બીવલી | કીંજલ મેઘરાજ રતિલાલ મૈશેરી | જખૌ | ૨૭ |

**• મરણ નોંધ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૧-૨૦૧૮ | મસ્જિદ | દિલીપ લક્ષ્મીચંદ નાગડા | રાપર | ૬૪ |
| ૧૮-૧૧-૨૦૧૮ | સાંયરા | મણિલાલ શામજી મોમાયા | સાંયરા | ૭૬ |
| ૧૯-૧૧-૨૦૧૮ | અંકલેશ્વર | જિતેન્દ્ર આણંદજી ખોના | વાંકુ | ૬૫ |
| ૨૧-૧૧-૨૦૧૮ | ઔરંગાબાદ | અ.સૌ.જ્યોતી આગા ખાન | ઔરંગાબાદ | ૪૩ |

NOW SAVE UPTO 99%#
ON PREMIUM OF YOUR
COMMERCIAL VEHICLES*
(ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™
the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## દ્વારા આયોજીત

### યજમાન : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલિયા

### સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા અબડાસા, કચ્છ

### મુખ્ય સહયોગી : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, કચ્છ તેરા, માટુંગા

### હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી, તેરા માટુંગા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**

**(સેંકેટરી જનરલ)**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

**Gyatimaiya**
Weekly E-magazine